www.xtrapapers.com

OCR
Oxford Cambridge and RSA

# Monday 13 June 2016 – Afternoon

## AS GCE GUJARATI

**F883/01** Listening, Reading and Writing 1

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 30 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- The Special Sheet will be found inside this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. If additional space is required, you should use the lined pages at the end of this booklet. The question number(s) must be clearly shown.
- Do **not** write in the bar codes.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are two sections in this paper.
  **SECTION A: 60 Marks Listening and Writing**
  **SECTION B: 100 Marks Reading and Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2016 [H/500/8403]
DC (LEG) 105824/1
OCR is an exempt Charity

**Turn over**

www.xtrapapers.com



## SECTION A – Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**સવાલ ૧: શ્રવણ** **[૧૨ ગુણ]**

**મનોરંજક પ્રવૃત્તિઓ**

**સાંભળો અને સવાલોના જવાબ આપો.**

**અ) નીચે આપેલા વાક્યોના નંબર જે ખાના માટે સાચા હોય તેમાં લખો.**

**રાજીવ કોની સાથે શું જોતો?**

| ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|
| દાદા સાથે | મિત્રો સાથે | પિતાજી સાથે | બહેન સાથે |
| | | | |

૧ ગુજરાતી નાટકો

૨ ધર્મને લગતા ધારાવાહિક કાર્યક્રમો

૩ હસવાની ફિલ્મો

૪ બાળ ચલચિત્રો

૫ ખેલકૂદના કાર્યક્રમો **[૪]**

**બ) સાચા જવાબ આગળ ખાનામાં ચિહ્ન (✓) કરો.**

**(ચ)** રાજીવ નાટક જોવા વાપરતો...

ક ...ટી.વી. ☐

ખ ...ઈન્ટરનેટ ☐

ગ ...ભારતીય ચેનલ ☐

© OCR 2016

www.xtrapapers.com



(છ) તે બાળફિલ્મો જોતો ...

ક ...મિત્રને ઘેર ☐

ખ ...પોતાને ઘેર ☐

ગ ...સિનેમામાં ☐

(જ) રાજીવને તેના પિતાજી સાથે રમતો જોવી ગમતી કારણ કે તેઓ તેને...

ક ... રમત વિશે ઘણું કહેતા. ☐

ખ ... રમનારા વિશે ઘણું કહેતા. ☐

ગ ...આઈસક્રીમ લઈ આપતા. ☐

(ઝ) રાજીવને તેના પિતાજીની વાતો ...

ક ... રસમય લાગતી. ☐

ખ ...ખૂબ લાંબી લાગતી . ☐

ગ ... કંટાળાજનક લાગતી. ☐

(ટ) ગુજરાતી નાટકો જોવાથી ...

ક ...રાજીવને મમ્મીનો સાથ મળતો ☐

ખ ...રાજીવ મૂંઝવણમાં પડી જતો ☐

ગ ... રાજીવની ભાષા સારી થઈ ☐

© OCR 2016

www.xtrapapers.com



(ં) તે ઉપરાંત, રાજીવને આ નાટકોમાં ગુજરાતી...

ક ... ગુજરાતી વાનગીઓ ખાવા મળતી

ખ ... ભારતીય પહેરવેશ જોવા મળતા.

ગ ... ગૃહ સજાવટ જોવા મળતી

(ડ) બાળકોની ફિલ્મો જોઈને રાજીવ હજી પણ ...

ક ... બહેનને મદદ કરે.

ખ ... થાકી જાય.

ગ ...તાજો થાય.

(ઢ) દાદાજી રાજીવની શ્રદ્ધાને મજબૂત કરે ...

ક ... તેની સાથે ધર્મની વાતો કરીને

ખ ...તેની સાથે ટેલિવિઝન જોઈને

ગ ...તેની સાથે બેસીને

[૮]

© OCR 2016

www.xtrapapers.com



સવાલ ૨: શ્રવણ [૧૩ ગુણ ]

## આઈ-ફોન

**અહેવાલ સાંભળો અને ખાનામાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ ફકરામાં લખીને ખાલી જગ્યા પૂરો.**
**ચેતવણી: ખાલી જગ્યાઓ કરતાં વધારે શબ્દો આપેલા છે. દરેક શબ્દ ફક્ત એક જ વખત વાપરો.**

| | | | | |
|---|---|---|---|---|
| અનોખી | ક્રોધિત | ઘંટડીઓ | ચાલુ | ચાંપો |
| તહેવારની | દિલ | ધ્યાન | પરંપરાગત | પ્રસંગની |
| બંધ | બોજરૂપ | ભંગ | મદદરૂપ | મારે |
| મેદાનોમાં | રંગના | લજ્જિત | વધારે | વધારો |
| વ્યવસાયના | સંજોગોમાં | સંદેશા | સંપેતરાં | સાધન |
| હથિયાર | | | | |

આઈ-ફોન આ યુગની એક **(ક)** ...................... શોધ છે. કોઈ પણ વયના કે **(ખ)** ......................... લોકો આ **(ગ)** ..................... વાપરીને બીજા લોકો સાથે વાતચીત કરે છે અથવા **(ઘ)** ..................... મોકલે છે અને જરૂર પડે ત્યારે થોડીક **(ચ)** ................ દબાવીને માહિતી મેળવે છે. આપણે જોખમમાં હોઈએ ત્યારે આ યંત્ર ખરેખર **(છ)** ..................... બને છે પણ અમુક **(જ)** ..................... તેનો વપરાશ હાનિકારક પુરવાર થાય છે. વળી, સભામાં ચર્ચા ચાલતી હોય ત્યારે તે વાગે તો સભ્યોનું **(ઝ)** ..................... તૂટે છે, સંગીત મહેફિલોમાં તેની ઘંટડી લોકોની મજાને **(ટ)** ..................... છે તો અંતિમ સંસ્કાર વખતે **(ઠ)** .................... થતી રીંગટોન ગંભીર **(ડ)** ..................... શાંતિનો **(ઢ)** ..................... કરે છે અને આઈ-ફોનના માલિકને **(ણ)** ..................... કરે છે.

© OCR 2016

www.xtrapapers.com



**Task 3: Listening** **[15 marks]**

**Food, exercise and health**

**Listen to the recording and answer the following questions IN ENGLISH.**

**(a)** Where did the conversation between Amit and his friends take place?

.............................................................................................................................. **[1]**

**(b)** What **type** of food did Amit's friends eat at the weekend?

.............................................................................................................................. **[1]**

**(c)** Why is traditional Gujarati food cooked at Amit's home even at weekends?

.............................................................................................................................. **[1]**

**(d)** Why did Amit make a face when he answered his friend?

.............................................................................................................................. **[1]**

**(e)** In which **three** ways did Amit change his healthy lunchbox into an unhealthy one?

**(i)** ...................................................................................................................... **[1]**

**(ii)** ...................................................................................................................... **[1]**

**(iii)** ...................................................................................................................... **[1]**

**(f)** Until what time did Amit eat biscuits?

.............................................................................................................................. **[1]**

**(g)** How did Amit respond to his mother's telling off?

.............................................................................................................................. **[1]**

**(h)** What was unhealthy about the way Amit spent his evenings? Give **two** details.

**(i)** ...................................................................................................................... **[1]**

**(ii)** ...................................................................................................................... **[1]**

© OCR 2016

www.xtrapapers.com



**(i)** What effects did the increased weight have on Amit? Give **two** details.

**(i)** ........................................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................................ **[1]**

**(j)** Why did Amit take notice of the advice of his rugby coach?

........................................................................................................................ **[1]**

**(k)** What made Amit's mother very happy?

........................................................................................................................ **[1]**

© OCR 2016

www.xtrapapers.com



**Task 4: Writing**

**Your friend, who is travelling to Gujarat, wants to send an email to his cousin in Jamnagar. He has written the email in English and has asked you to put it into Gujarati.**

**You do not have to translate word for word but you should include all the information.**

**[10 marks for communication + 10 marks for quality of language]**

- I have put on weight and want to do something about it.
- Is there a health centre in Jamnagar that can help me?
- I would like it very much if you could join me there.
- Can you send me some information about the facilities and the cost?
- My school holidays start on the 21st July and I can come there soon after that.

© OCR 2016

www.xtrapapers.com



પ્રિય કિરણ,

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

વંદન

© OCR 2016

www.xtrapapers.com



## SECTION B – Reading and Writing

*Recommended time for Section B: 1 hour 30 minutes*

**સવાલ ૫: વાંચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના વાર્તાલાપની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**ખરીદી**

**શહિદા:** વર્ષો પહેલાં અમારા રસ્તાના ખૂણા પર ચાર-પાંચ દુકાનો હતી. રાશન, સાબુ જેવી રોજની જરૂરી ચીજો ત્યાંથી મળી રહેતી. ગ્રાહકો અને દુકાનદારો વચ્ચે મિત્રતાનો સંબંધ બંધાતો એટલે બધા જાણે કુટુંબીજનો હોય તેવું લાગતું. પણ સુપરમાર્કેટો ખુલતાં આમાંની ઘણી દુકાનો ધીરે ધીરે બંધ થવા લાગી.

**સાવન:** હા, અમે પણ રોજની ખરીદી અમારા ખૂણા પરની દુકાનોમાંથી કરતા. બસ કે ગાડી વગર, પગપાળા જ ત્યાં પહોંચી જતા એટલે પ્રદૂષણની કોઈ ચિંતા ન હતી. ખરીદી ન કરવી હોય તો પણ મિત્ર બની ગયેલા દુકાનદારને મળવા અમે રોજ જતા. કમનસીબે, સુપરમાર્કેટો ખુલી પછી અમારા રસ્તા પર ફક્ત એક છાપાંવાળાની જ દુકાન બચી છે.

**બીજલ:** નાની દુકાનવાળા એ મોટી પૈસાદાર પેઢીઓ સામે કેવી રીતે ટકી શકે? સુપરમાર્કેટોમાં ગ્રાહકો માટે ગાડી રાખવાની સગવડ હોય છે, એટલે તે દૂર હોવાં છતાં, ઘણા લોકો ત્યાં જાય છે. ખાદ્ય પદાર્થો, પીણાં, કપડાં, વગેરે વસ્તુઓ એક જ છત નીચે અને ઓછા ભાવે મળી જાય છે એટલે લોકો ન જોઈતી ખરીદી પણ કરી લે છે.

**મુસ્તફા:** હા, જાહેરખબરો અને ખાસ દરખાસ્તોથી લોભાઈને લોકો કેટલીયે બિનજરૂરી વસ્તુઓ ઘરમાં ભરવા લાગે છે અને પછી પૈસાની તંગી અનુભવે છે, જ્યારે સુપરમાર્કેટો વર્ષોવર્ષ મોટો નફો જાહેર કરતી રહે છે. હવે તો લગભગ સુપરમાર્કેટો ગ્રાહકોને ઘેર બેઠાં 'ઓન લાઈન' ખરીદીની સગવડ પણ આપે છે જે ચાલવાની તકલીફવાળા લોકો માટે સગવડભર્યું છે.

**હીરલ:** કામે જતા યુવા વર્ગને 'ઓન લાઈન ખરીદી કરવાનું આકર્ષક લાગે છે કારણ કે તેઓની હંમેશની સમયની તાણને કારણે આ સહેલું પડે છે એટલે આમાં ફાયદા પણ છે. ઘેર બેઠાં ખરીદી થઈ જાય છે એ સરસ છે પણ જેની પાસે સમય હોય તેને તે જરૂર આળસુ બનાવે છે. જો કે, હજુ પણ લોકોને બજારમાં ઘૂમવા જવું ગમે છે એટલે ખરીદીકેન્દ્રો તો ભીડથી ભરેલાં જ રહે છે.

© OCR 2016

www.xtrapapers.com



સવાલ ૫ (અ)

દરેક વાક્ય કોને લાગુ પડે છે?

દાખલા સિવાયના ફક્ત દસ યોગ્ય ખાનામાં ચિહ્ન ( ✓ ) મૂકો. જો દસથી વધારે ચિહ્ન ( ✓ ) મૂકશો તો તમે ગુણ ગુમાવશો. [૧૦ ગુણ]

| સવાલ | | શહિદા | સાવન | બીજલ | મુસ્તફા | હીરલ |
|---|---|---|---|---|---|---|
| દાખલો | પહેલાં લોકો રોજની જરૂરી વસ્તુઓ પોતાના રસ્તાને ખૂણે આવેલી દુકાનોમાંથી ખરીદી લેતા | ✓ | ✓ | | | |
| ક | ઓન લાઈન' ખરીદી કરવામાં લાભ પણ છે. | | | | | |
| ખ | સસ્તા ભાવે વેચાતી વસ્તુઓ ખરીદીને લોકો ઘરમાં કચરો ભેગો કરે છે. | | | | | |
| ગ | યુવાનોને ઘણી વાર સમયની મારામારી હોય છે. | | | | | |
| ઘ | નાની દુકાનો ઘરની પાસે હતી તેથી ત્યાં જવા વાહનની જરૂર ન પડતી. | | | | | |
| ચ | નાની દુકાનના માલિકો અને ગ્રાહકો વચ્ચે મૈત્રીભાવ રહેતો. | | | | | |
| છ | લોકો વધારે પડતી ખરીદી કરીને પછી નાણાંની તાણ ભોગવે છે. | | | | | |
| જ | નાની દુકાનો સુપરમાર્કેટ જેવી ધનવાન પેઢીઓનો સામનો ન કરી શકે. | | | | | |

© OCR 2016

www.xtrapapers.com



સવાલ ૫ (બ)

**નીચે આપેલા લેખનમાં ખાનામાં આપેલા શબ્દોમાંથી ઉપરના વાર્તાલાપ પ્રમાણે યોગ્ય શબ્દ શોધી ખાલી જગ્યા પૂરો.** **[૧૦ ગુણ]**

| | | | | |
|---|---|---|---|---|
| પૈસા | કિસ્સામાં | ખોટી | બજારમાં | છૂટ |
| જમાનામાં | વસ્તુઓ | તાત્કાલિક | દોસ્તી | નછૂટકે |
| નીચે | પાસે | પુત્રો | બોલાચાલી | મુશ્કેલીભરી |
| લોભામણી | સગવડ | સભ્યો | સહાયક | બાગમાં |

વર્ષો પહેલાં આપણે ઘરની **(ક)** ...................... જ આવેલી દુકાનોમાંથી જરૂરી વસ્તુઓ ખરીદી લેતા. ગ્રાહકોને દુકાનદાર સાથે **(ખ)**........................ થતી અને બંને એકબીજા સાથે પરિવારના **(ગ)**........................ હોય તેવી રીતે વર્તતા. પછીથી સુપરમાર્કેટો ખુલતાં ઘણા નાના દુકાનદારોનો વ્યાપાર ઓછો થયો અને તેમને **(ઘ)** ...................... તેમની દુકાનો બંધ કરવી પડી. ગ્રાહકોને સુપરમાર્કેટોમાં જવાનું ગમવા લાગ્યું કારણ કે તેમને એક જ જગ્યાએથી લગભગ બધું ખરીદી લેવાની **(ચ)**..................... મળી. ત્યાંની **(છ)**..................... જાહેરખબરો અને ખાસ દરખાસ્તોની અસરને કારણે લોકો ત્યાં ઘણા પૈસા ખર્ચવા લાગ્યા અને સુપરમાર્કેટો ખૂબ **(જ)**..................... બનાવવા લાગી. 'ઓન લાઈન' ખરીદી ઘણા લોકો માટે **(ઝ)**..................... બની રહે છે, તેમ છતાં, લોકોને **(ટ)** ...................... ફરવા જવું ગમે છે એટલે 'ઓન લાઈન' ખરીદીના **(ઠ)** ...................... પણ ખરીદીકેન્દ્રો લોકોથી છલકાતાં હોય છે.

© OCR 2016

www.xtrapapers.com



**સવાલ ૬: વાંચન**

**નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ લેખમાંના લાંબાં કે આખાં વાક્યોની નકલ કર્યા વિના, બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં, લખો.**

**[૨૦ ગુણ માહીતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**મીરાંની કારકિર્દી**

બાળપણથી જ મીરાંનો સ્વભાવ ખૂબ પરોપકારી. તે તેની પાડોશમા રહેતા ઘરડા લોકોને જોઈતી વસ્તુ લાવી આપવા દુકાને દોડાદોડ કરતી. નિશાળમાં પણ બીજા વિદ્યાર્થીઓને સહાય કરવા તત્પર રહેતી. ઘરમાં પણ કોઈ માંદુ પડે તો તેની પ્રેમથી સેવા કરતી. તેના આવા વર્તનને જોઈને તેનાં શિક્ષિકાએ તેને સામાજિક કાર્યકર બનવા પ્રોત્સાહન આપ્યું. મીરાંનું પણ આ જ સ્વપ્નું હતું એટલે કોલેજમાં પાંચ વર્ષનો અભ્યાસ કરીને તેણે તેનું સ્વપ્નું સાકાર કર્યું.

ઉચ્ચ પરિણામને કારણે તરત તેને પોતાના શહેરમાં જ નોકરી મળી ગઈ. **તેણે કહ્યું** "મારી નોકરી શરૂ કરી તે પહેલાં હું મારી સૂઝ પ્રમાણે લોકોને મદદ કરતી પણ એક સામાજિક અધિકારી તરીકે મારે કેટલાય નિયમોને ધ્યાનમાં રાખીને ફરજ બજાવવી પડે છે. મારી પાસે ગૂંચવણોથી ભરેલું ઢગલાબંધ કામ આવે છે પણ જેમાં મને ખાસ મજા પડે છે તે છે ગૂંચવણો ઉકેલવાનું".

મીરાં બાળકોની કાળજી ન લેવાતી હોય એવા કિસ્સાઓમાં કામ કરતી, યુવાન કેદીઓને મદદરૂપ થવા જેલોમાં જતી, કોઈ સ્ત્રીને હેરાન કરવામાં આવતી હોય તો તેની સલામતી માટે પ્રયત્નો કરતી અને કોઈ કુટુંબમાં વડીલોની હાલત ખરાબ હોય તો તેનો ઉકેલ પણ લાવતી. બે વર્ષમાં અનુભવી મીરાં અટપટા કિસ્સાઓને સફળ રીતે ઉકેલવા લાગી. તેની આ કાબેલિયતને કારણે તેને કામે ઉંચા હોદ્દાની પદવી મળી.

મીરાંના શહેરની બાજુમાં જ એક નાનું સરખું ગામ હતું. **તે** ગામ**ના** લોક સ્વભાવે તો ભલાભોળા હતા પણ બેકારી, નિરક્ષરતા, દારૂની લત, ચોરી, વગેરેને કારણે ત્યાં રોજ કોઈ ને કોઈ મુશ્કેલી ઊભી થતી. અત્યાર સુધી શહેરમાંથી કોઈ ને કોઈ સામાજિક અધિકારી અઠવાડિયામાં બે દિવસ ત્યાં જતા પણ હવે કાયમી અધિકારીની હાજરી વગર ગામના પ્રશ્નો હલ કરી શકાય તેમ ન હતા. આ કામ માટે મીરાંની પસંદગી કરવામાં આવી.

પહેલાં તો મીરાં ડઘાઈ ગઈ. શહેરનું સગવડિયું જીવન, તેને ગમતું કામ, તેનાં પરિવાર અને મિત્રો, એ બધાંને છોડીને તે કેવી રીતે સાવ અભણ લોકોની વચ્ચે રહેવા જઈ શકે? પણ મીરાંની માતાએ તેને સમજાવી કે તે ગામડાના ભલાભોળા લોકોનું જીવન સુધારી શકશે તો તેને ખરેખર સંતોષ થશે અને સાથે સાથે તેઓ પોતે પણ મીરાં સાથે ગામડે રહેવા જવા તૈયાર થયાં.

જ્યારે મીરાં અને તેની માતા ગામડે પહોંચ્યાં ત્યારે આખું ગામ તેમનું સ્વાગત કરવા ભેગું થયું હતું. સૌનો પ્રેમ જોઈને મીરાંની આંખમાં આંસુ આવી ગયાં.

© OCR 2016

www.xtrapapers.com



(ક) મીરાંને લોકો માટે મદદરૂપ થવું ગમતું એ બતાવતી **ત્રણ** વિગતો આપો.

(૧) .................................................................................................................... [૧]

(૨) .................................................................................................................... [૧]

(3) .................................................................................................................... [૧]

(ખ) સામાજિક કાર્યકર બનવા માટે મીરાંને શું કરવું પડ્યું અને કેટલા સમય માટે?

(૧) શું કરવું પડ્યું? ................................................................................... [૧]

(૨) કેટલા સમય માટે? ................................................................................ [૧]

(ગ) ભણી લીધા પછી નોકરી મેળવવાનું મીરાં માટે શા માટે અઘરું ન હતું?

.................................................................................................................... [૧]

(ઘ) પોતાનાં સ્વયંસેવક તરીકેના કામ અને સામાજિક અધિકારી તરીકેના વ્યાવસાયિક કામ વચ્ચે મીરાને શું તફાવત લાગ્યો?

(૧) નોકરી પહેલાંના સામાજિક કાર્યો .............................................................. [૧]

(૨) સામાજિક અધિકારી તરીકેની ફરજો ........................................................... [૧]

(ચ) **મીરાંને ક્યા પ્રકારના કાર્યો કરવાની સહુથી વધારે મજા આવે છે ?**

.................................................................................................................... [૧]

(છ) **મીરાંનું** કાર્યક્ષેત્ર ઘણું વિશાળ હતું તે બતાવવા **ત્રણ** દાખલા આપો.

(૧) .................................................................................................................... [૧]

(૨) .................................................................................................................... [૧]

(3) .................................................................................................................... [૧]

(જ) મીરાંના કયા કૌશલ્યને કારણે તેને કામમાં બઢતી મળી?

.................................................................................................................... [૧]

© OCR 2016

www.xtrapapers.com



(ઝ) ગામમાં મુસીબતો ઊભી થવાના કયાં કયાં કારણો હતાં? ઓછાંમાં ઓછાં **બે** કારણો આપો.

.............................................................................................................................

............................................................................................................................. [૨]

(ટ) ગામની મુસીબતો દૂર કરવા સામાજિક અધિકારીની ફરજમાં શું ફેરફાર કરવાનું નક્કી થયું?

............................................................................................................................. [૧]

(ઠ) મીરાં શા માટે ગામડે જવા ઉત્સુક ન હતી? **બે** કારણો આપો.

(૧) ............................................................................................................................. [૧]

(૨) ............................................................................................................................. [૧]

(ડ) પછીથી ત્યાં જવા માટે તેનું મન શા માટે બદલાયું?

(૧) ............................................................................................................................. [૧]

(૨) ............................................................................................................................. [૧]

© OCR 2016

www.xtrapapers.com



**સવાલ ૭: વાંચન અને લેખન**

**નીચેનો લેખ વાંચો અને બન્ને સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. તમારે સવાલોના જવાબ લેખમાંના આખા વાક્યોની નકલ કર્યા વિના લખવા જોઈએ. લેખમાંના એક સાથેના ક્રમવાર પાંચ કે તેથી વધારે શબ્દોનો ઉપયોગ કરશો તો ગુણ ગુમાવશો. તમને કુલ ૨૦૦ થી ૩૦૦ શબ્દોનો ઉપયોગ કરવાની ભલામણ કરીએ છીએ.**

**[લેખ વિશેની સમજણ: ૧૦ ગુણ]**
**[લેખ પ્રમાણેનો જવાબ: ૨૦ ગુણ]**
**[ભાષાની ગુણવત્તા: ૨૦ ગુણ]**
**[કુલ: ૫૦ ગુણ]**

**પ્રવાસન્**

૧. સંજય પર્યાવરણ સાથે મૈત્રીપૂર્ણ હોય એવા જ પ્રવાસ પર જાય અને ત્યાં પ્રવૃત્તિઓ પણ કુદરતને નુકસાન ન પહોંચે તેવી જ કરે. તે મિત્રો સાથે નજીકના કોઈ કેમ્પસાઈટ પર જઈને અઠવાડિયું તંબુમાં રહી આવે. કોઈ વાર તે યુ.કે.માં જ જરા દૂરની જુદી જુદી જગ્યાઓ જોવા પિત્રાઈ ભાઈબહેનો સાથે કોચમાં મુસાફરી કરે. તે વર્ષમાં એક જ વખત વિમાનનો પ્રવાસ કરીને કુટુંબ સાથે ભારત જાય. વળી જ્યાં જાય ત્યાં ગંદકી ન થાય તેની તે ખૂબ કાળજી રાખે.

૨. સંજયની બહેન હેમાને પણ પ્રવાસ કરવાનો ખૂબ શોખ. તેનું પ્રવાસન્ કુદરતને હાનિ કરે છે કે નહિ તેની તે પરવા ન કરે. વર્ષમાં બે કે ત્રણ વખત હવાઈ મુસાફરી કરીને તે પરદેશની મોટી મોટી હોટલો, જેમાં ખૂબ બગાડ થતો હોય, તેમાં રહેવા જાય. ઉપરાંત, તે નદીમાં ખૂબ ઝડપથી હોડી ચલાવે ત્યારે તેને વિચાર પણ ન આવે કે કેટલા જળચર જીવોની હિંસા થતી હશે. તે ખૂબ ઘોંઘાટથી ભરેલા સંગીત-નૃત્યના જલસામાં જાય ત્યારે તેને અવાજના પ્રદૂષણની પણ પડી ન હોય.

**સવાલ ૭.**

**અ. તમારે તમારો જવાબ ઉપરના લેખને આધારે લખવો જોઈએ. લગભગ ૧૦૦ શબ્દોમાં લખો.**

કુદરત માટે મૈત્રીપૂર્ણ હોય અથવા નુક્સાનકારક હોય એવા પ્રવાસની વિગતો તમારા પોતાના શબ્દોમાં લખો.

**બ. હવે લગભગ ૨૦૦ શબ્દોમાં તમારા પોતાના અભિપ્રાયો આપો.**

“કુદરતને હાનિ પહોચાડ્યા વગર પ્રવાસ કરવાનું અશક્ય છે.” તમે સહમત થાઓ છો? તમારા કારણો આપો.

© OCR 2016

www.xtrapapers.com



સવાલ ૭.

**અ. તમારે તમારો જવાબ ઉપરના લેખને આધારે લખવો જોઈએ. લગભગ ૧૦૦ શબ્દોમાં લખો.**

કુદરત માટે મૈત્રીપૂર્ણ હોય અથવા નુક્સાનકારક હોય એવા પ્રવાસની વિગતો તમારા પોતાના શબ્દોમાં લખો.

© OCR 2016

www.xtrapapers.com



**બ. હવે લગભગ ૨૦૦ શબ્દોમાં તમારા પોતાના અભિપ્રાયો આપો.**

"કુદરતને હાનિ પહોચાડ્યા વગર પ્રવાસ કરવાનું અશક્ય છે." તમે સહમત થાઓ છો? તમારા કારણો આપો.

© OCR 2016

www.xtrapapers.com



© OCR 2016

